# વાયડામિત્ર

વર્ષ : ૧૦૨ મે - ૨૦૨૪ અંક : ૫
કિંમત રૂા. ૩૦/– (વાર્ષિક)
R.N.I No.: 6316/57

## વાયડ વિશેષાંક



*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES




- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East),
Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

મે ૨૦૨૪, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૨, અંક-૫

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

**સંચાલક ટ્રસ્ટી મંડળ**

| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭

Mobile (What’s app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ–મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂા.૩૦/–(સામાન્ય), રૂા.૧૦૦૧/–(આજીવન), રૂા.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં :** રૂા. ૫૦૦૧/–

*સુજ્ઞ જ્ઞાતિજનો, વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ-મેલ દ્વારા જ મોકલવામાં આવશે.*

**સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.**

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શ્રી વાયડામાતાજીની સ્તુતિ

ૐ હ્રીં શ્રી સમીરી કામદા દેવી
ગૌરી મહાશક્તિ કર્મયોગે
મંત્ર સ્થાને તુહી આહવાને
મહાદેવી પ્રાણેશ્વરી ઈશ્વરી
પરમેશ્વરી સુરેશ્વરી સર્વેશ્વરી
સિદ્ધાન્ત યોગિની યોગેશ્વરી
મમ પ્રસન્ના પ્રસન્ના વંદુદેવી
વિશ્વંભરી વરદાતા મહેશ્વરી
કન્યાકુમારી વરસ્થાને
ભાગ્ય સ્થાને મમ શાન્તી
લગન પ્રાપ્તી વિજય સ્થાને
વિપત્તિ હરણી મનોભાવા
મન વાંછિત ફલદાતા
ૐ ગૌરી નારાયણી
શ્રી સમીરી મોહિની રૂપમ્
વાયુ શક્તિ પરમ્શિવમ
નમોસ્તુતે નમોસ્તુતે
નમોનમ:

: આ સ્તુતિની યુ-ટયુબ લીંક :
https://youtube.com/watch?v=MuvuVIuIfHE

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

# વાયડ સંઘ - પરંપરા અને આધુનિકતાનો સમન્વય



વાયડ સંઘની 172 મી વર્ષગાંઠ આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે ગર્વ અને આનંદની લાગણી અનુભવાય છે. વાયડ સંઘ જ્ઞાતિના ગૌરવરૂપ ચરિત્રનો એક અભૂતપૂર્વ વારસો છે. વાયડ સંઘ શરૂ કરવાનો ઉદ્દેશ માતાજી પ્રત્યે ભક્તિભાવ સાથે સાથે પરંપરાનું જતન તેમજ સંસ્કૃતિનો ઉત્સવ ઉજવવાનો પણ હતો. વાયડ સંઘ એ સમસ્ત જ્ઞાતિનું કેન્દ્રબિંદુ છે. અહીં જ્ઞાતિજનો સહયોગ અને અનહદ પ્રેમ દ્વારા એકબીજા સાથે ભળી જાય છે.

વાયડ સંઘ આપણી અનેક પેઢીઓનો સાક્ષી છે. અગણિત જ્ઞાતિજનોએ વાયડમાં હાજર રહી માતાજીના મહોત્સવને માણ્યો છે. ઘણા જ્ઞાતિજનોએ વર્ષોવર્ષ સંઘમાં ભાગ લીધો છે અને એ પરંપરા જાળવી આગળની પેઢીઓમાં પ્રસ્થાપિત કરી છે. જ્ઞાતિને કેન્દ્રમાં રાખીને અકનેવિધ કાર્યક્રમો યોજાયાં જેમાં સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કર્યો છે. જ્ઞાતિજનોની સુખસુવિધામાં વધારો થાય તે માટે વિકાસ કાર્યો પણ થયા. આજે આપણે સુખરૂપ પાંચ દિવસ વાયડમાં રહી શકીએ છીએ, ઉત્સવોમાં ભાગ લઈ શકીએ છીએ, માતાજીના દર્શન કરી શકીએ છીએ, એકબીજાને મળી શકીએ છીએ, વિચારોની આપલે કરી શકીએ છીએ તે આયોજકોની દીર્ઘદૃષ્ટિને આભારી છે. વાયડ સંઘ નવીનતા અને પરંપરાનો અદ્‌ભુત સમન્વય છે.

જ્ઞાતિજનોના લોહીમાં હિમોગ્લોબીનની જેમ વાયડ સંઘ પ્રત્યેનો પ્રેમ ભળી ગયેલો જોવા મળે છે. વાયડ સંઘને કારણે આપણી જ્ઞાતિ ધબકતી હોય તેવો અહેસાસ થાય છે. વાયડસંઘ જ્ઞાતિ માટે સાચે જ ધબકતું હૃદય છે.

પ્રાણપ્રતિષ્ઠાના ભવ્ય કાર્યક્રમો પણ સમયાંતરે યોજાયા. તે દ્વારા આશાઓ, આકાંક્ષાઓ અને સપના આપણે પૂરા કરી શક્યા. 172 વર્ષ પહેલા શરૂ થયેલી આ યાત્રા યાવદ્‌ચંદ્રદિવાકરો ચાલવાની છે. પાંચ દિવસના સંઘની પરંપરા આપણે અકબંધ રાખી છે. સંજોગોની પ્રતિકૂળ થયા પણ સંઘને અસર કરી શક્યા નથી. આપણે શા માટે વાયડ જવું જોઈએ? એવો પ્રશ્ન સહેજે થાય. આપણા મૂળિયાને મજબૂત કરવા માટે, એકબીજાને મળવા માટે, વિચારોની આપલે કરવા માટે,

સશક્ત સંવાદ સાધવા માટે, સંસ્કૃતિને ઉજાગર કરવા માટે, નવી પેઢીના કૌશલ્યને માણવા માટે અને આપણે સૌ એકસાથે છે એવો મજબૂત સંદેશો આપવા માટે વાયડ સંઘ જરૂરી છે. નવી પેઢીના કૌશલ્યનો પરિચય આપણને 2019 ની પ્રાણપ્રતિષ્ઠા દરમ્યાન થયો.

આજે યુવાનો જ્ઞાતિથી વિમુખ જઈ રહ્યા છે ત્યારે આપણી ફરજ છે કે તેઓને આપણા કુળનો, કુળદેવતાનો, માતાજીનો પરિચય અને વાયડનું મહત્ત્વ સમજાવી ઇતિહાસ સાથે સંધાન કરાવવું. જે માણસ ઇતિહાસને ભૂલે છે, ઇતિહાસ તેને ભૂલાવી દે છે. આ સમય છે – યુવાનોને નેતૃત્વ બક્ષવાનો, ઉચ્ચ શિક્ષણ થકી નવા આધુનિક વિચારો દ્વારા તેમને સીધી ભાગીદારી સોંપીને નવીનતા અને આધુનિકરણના સાક્ષી બનવાનો. શા માટે આપણી જ્ઞાતિના દસ બાર ટકા જેટલા જ્ઞાતિજનો જ વાયડસંઘમાં ભાગ લે છે ? હજી આપણા સન્નિષ્ઠ પ્રયાસો ચાલુ રહેશે તો સંખ્યા ચોક્કસ વધશે. વર્ષભર વ્યવસ્થિત કેમ્પેઈન કરવાથી – વાયડામિત્રમાં વાયડ તેમ જ વાયડ સંઘનું મહત્વ દર્શાવતા લેખો રજૂ કરવાથી વર્ષનો અને વાયડ સંઘમાં વર્ષના અંતે સંખ્યામાં વધારો થઈ શકે.

વાયડ સંઘને આપણે પાંચ દિવસની ટેસ્ટ ક્રિકેટ બનાવવાની છે. વનડેની માફક સવારથી સાંજ કે ટી–૨૦ની માફક હાજરી આપીને ત્રણ ચાર કલાકમાં ચાલ્યા જવાનું નથી. જેમ ટેસ્ટ ક્રિકેટ એ ક્રિકેટની ખરી ટેકનીકનું માધ્યમ છે, ક્રિકેટના કૌશલ્યના દરેક પાસા ટેસ્ટમાં જ ઉજાગર થાય છે તે જ રીતે વાયડ સંઘમાં પાંચ દિવસ સાથે રહેવાથી એકબીજાનો ઊંડો પરિચય તેમજ ગમા–અમગમાનો ખ્યાલ આવી શકે છે.

આજે શહેરીકરણ અમર્યાદ રીતે વધી રહ્યું છે ત્યારે ગ્રામ્યસંસ્કૃતિનો પરિચય અહીં થાય છે. ગામડાંને નજીકથી નિરખવાની તક પ્રાપ્ત થાય છે. ગ્રામવાસીઓ હજુ પણ સરળ અને સેવાભાવી છે તેનો ખ્યાલ આવે છે. શહેરોમાં અનેક સુખસુવિધા મળી રહે છે ત્યારે ગ્રામ્યજીવનમાં તે સુવિધા પહોંચી નથી છતાં તેઓ આનંદ અને સંતોષથી જીવન જીવે છે.

વાયડનું કેન્દ્રબિંદુ તો માતાજીનું મંદિર છે તે નિર્વિવાદ હકીકત છે. આપણે ચૈત્રી નવરાત્રિનું પર્વ ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક ઉજવ્યું. અહીં માતાજી સમક્ષ ઊભા રહીએ તે સાથે જ મનની મલિનતા દૂર થઈ, મન સ્થિર થઈ જાય છે. માતાજીના દર્શન કરી, નવી ઊર્જા મેળવી, પોતાના જીવનમાં અજવાળાં પથરાય તેવી શ્રદ્ધા આપણે સૌ ધરાવીએ છે. મંદિરમાં દર્શન કરવાની જગ્યા નાની અને ભક્તો ઝાઝા પણ દરેકને સુખરૂપ દર્શન થાય છે. સ્વયં શિસ્તનો અનુભવ થાય

છે. માતાજીની મૂર્તિની ભવ્યતા અને દિવ્યતા આંખે ઊડીને વળગે છે. વળી સંગેમરમરની માતાજીની મૂર્તિ જકડબંધ જાદુ ધરાવે છે. આ વખતે છત પર લગાવેલી ગર્ભગૃહની અંદર તેમજ બહારના ભાગમાં ભવ્ય કોતરણી સહિતની ડીઝાઈન નયનરમ્ય લાગતી હતી.

એક જ્ઞાતિજને પ્રશ્ન કર્યો કે અન્ય શહેરોમાં વાયુદેવતાજીના મંદિરો છે પણ વાયડ માતાજીના મંદિરો નથી. માત્ર વાયડમાં જ તેમનું મંદિર કેમ છે? ચોથી સદીમાં ઉદ્‌ભવ પામેલ વાયુપુરાણમાં જણાવ્યા પ્રમાણે વાવને જ વાયડ માતાનું સ્વરૂપ માનવામાં આવે છે અને તેમની પૂજા કરવાનો નિર્દેશ કર્યો છે. વાવ તો વાયડમાં જ છે. માટે વાયડ માતાનું મંદિર અહીં જ છે.

સંવત 1973 (ઈ.સ. 1917) માં ફેબ્રુઆરી માસની બીજી તારીખે મહાસુદ 11 ને દિવસે પાટણના અંબાલાલભાઈ આબુવાળાએ માતાજીની પ્રતિષ્ઠા સહિત મંદિરમાં અપ્રતિમ પ્રતિમાની સ્થાપના કરાવી હતી. એટલે આ મંદિરને 107 વર્ષ પૂરા થયા છતાં એટલું આધુનિક અને ભવ્ય લાગે છે કે તાજેતરમાં જ બન્યું હોય. શિલ્પશાસ્ત્રી શિવલાલ ઉગરચંદે આ પ્રતિમા તૈયાર કરાવી હતી. પ્રતિમા પાસે શ્રીયંત્ર મુકાવેલું છે. આજે આપણી જ્ઞાતિ સુખી છે તેનો સઘળો જશ શ્રીયંત્ર જે ઊર્જા પૂરી પાડે છે તેને તેમ જ માતાજીના આશીર્વાદને લીધે છે. સંગેમરમરના ચતુર્ભુજ સ્વરૂપ ધરાવતાં માતાજી તેમના વાહન વૃષભ (નંદી) પર બિરાજે છે. તેમના જમણા હસ્તમાં ઉપર વીણા, વામ હસ્તમાં ઉપર ત્રિશૂળ, વામ હસ્તમાં નીચે દંડ અને જમણો હસ્ત ભક્તોને આશીર્વાદ આપે છે. આમ માતાજી ભક્તો સાથે પ્રેમ દર્શાવે છે અને દુશ્મનોને ભય દર્શાવે છે. જોગાનુજોગ ચૈત્ર સુદ ૬ શ્રી યમુનાજીનો પણ પ્રાગટ્ય ઉત્સવ છે. આપણી જ્ઞાતિ પુષ્ટિમાર્ગીય છે. આમ બેવડો સમન્વય જોવા મળે છે.

સંઘમાં હવન અને વરઘોડાના ઉત્સવો પરંપરાગત રીતે યોજાયાં હતાં. મંદિર પાસે તાલુકા પંચાયતની ઓફિસ બની રહી છે. પણ ગામમાં ધ્યાન ખેંચે તેવી જગ્યા હોય તો તે પ્રાથમિક શાળાનું આધુનિક મકાન છે. 4.88 કરોડના ખર્ચે જાન્યુઆરી 26, 2024 ના રોજ નવીન શાળાનું ઉદ્‌ઘાટન થયું. આ નિમિત્તે ગાયત્રી યજ્ઞ યોજવામાં આવ્યો હતો. શાળામાં 490 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ત્રણ માળના આ મકાનમાં ધોરણ 1 થી 8 ના વર્ગો સાથે કમ્પ્યુટર લેબ, વિજ્ઞાન પ્રયોગશાળા અને કાર્યાલય છે. વિશાળ પહોળા ઓરડા, ખુલ્લું વાતાવરણ, નિસર્ગ સાથે બાળકોનો પરિચય, દરેક રૂમમાં ઈલેક્ટ્રોનીક ડીસપ્લે બોર્ડ નયનરમ્ય છે. વાયડ સંસ્થાન તરફથી એક લાખ રૂપિયાના ખર્ચે સ્લાઈડીંગ કબાટો ભેટ કરવામાં

આવ્યા છે. આ ઉપરાંત જ્ઞાતિજનોએ બાળકોને શિણણમાં સહાયરૂપ થઈ શકે તે માટે વસ્તુઓ ભેટ આપી હતી. જેમાં મધ્યાહન ભોજન યોજનામાં બાળકો ભોજન લઈ શકે તે પેટે 500 ડીશ, ધોરણ 1 થી 5 માં નોટો તેમ જ ધોરણ 6 થી 8 માં ચોપડા આપવામાં આવ્યા હતાં. આચાર્ય દીપેનભાઈ પરમાર તેમજ સહાયક શિક્ષકો બાબુભાઈ રબારી અને નિકુંજભાઈ પટેલનો ફાળો નોંધનીય છે.

વાયડમાં રેલ્વે સ્ટેશન પણ બની ગયું છે જે 2019 થી કાર્યરત છે. પ્રથમવાર જ આ વર્ષથી લોકલ ટ્રેન ભીલડીથી મહેસાણા શરૂ થઈ છે તેમજ વાયડને સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આસિ. સ્ટેશન માસ્ટર અનિલકુમાર શેખાવતના જણાવ્યા પ્રમાણે ચોવીસ કલાકમાં એક વખત ટ્રેન આવે છે અને જાય છે, જે વાયડ એક મિનિટ માટે ઊભી રહે છે. રોજના ચારથી પાંચ જ મુસાફર હોય છે. વાયડથી મહેસાણાનું ભાડું રૂ. 30 છે.

સંઘ દરમ્યાન જે રીતે સંખ્યા ઘટી રહી છે તે ચિંતાનો વિષય છે. યુવાનોને ધાર્મિક રીતરસમમાં રસ ઘટતો જાય છે. સીનીયર સીટીઝનને શ્રદ્ધા છે પણ ઘણાની ઇચ્છા હોવા છતાં શારીરિક મુશ્કેલીઓને કારણે કુટુંબમાંથી કોઈ લાવે તો જ આવી શકે તેમ છે. જો આવી પરિસ્થિતિ રહેશે તો ભવિષ્યમાં સંઘ પર ભારે અસર પડી શકે છે. આનો ઉપાય આપણે સૌએ સાથે બેસીને વિચારવાનો છે. ચૈત્ર સુદ ચોથના પ્રથમ દિવસે સાંજે વધારેમાં વધારે 70-80 જ્ઞાતિજનો જ હોય છે. મંદિરમાં નીચેના ભાગમાં બાવીસ પગથિયાં ઉતરીને દર્શન કરવા ઘણા અશક્ત જ્ઞાતિજનો માટે અઘરું છે. માટે ચેર લીફટની વ્યવસ્થા કરવી જોઈએ તેવું સૂચન અહીં કરવામાં આવ્યું હતું.

એક કલ્પના કરો – જો વાયડ સંઘનું અસ્તિત્વ નહીં હોય તો શું થશે ? જ્ઞાતિજનો એકબીજાને કેવી રીતે ઓળખી શકશે ? કેવી રીતે મળી શકશે ? વિચારોનું આદાન પ્રદાન કેવી રીતે કરી શકશે ? કદાચ નવી પેઢીને તેની સાથે લગાવ ન હોય તે સમજી શકાય છે પણ જૂની પેઢી તો વાયડ સંઘ સાથે ઓતપ્રોત થઈ જ ગઈ છે.

આવતા વર્ષે ચૈત્ર સુદ 4 - એપ્રિલ 1, 2025 ના રોજ મંગળવારથી ચૈત્ર સુદ 8 - એપ્રિલ 5, 2025 શનિવાર દરમ્યાન વાયડ સંઘનું આયોજન થશે. હવન ચૈત્ર સુદ 6 ને ગુરુવારે એપ્રિલ 3, 2025 ના રોજ યોજાશે. જ્ઞાતિજનો, વર્ષભરનો આનંદ મેળવવા ફરી એક વાર તૈયાર થઈ જજો.

**- હિમાંશુ શાહ, અમદાવાદ  પૂર્વ તંત્રી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

# વાયડા વણિકો અને બ્રાહ્મણોની ઉત્પત્તિ

વાયડા જ્ઞાતિના બ્રાહ્મણો અને વણિકોનું 'વાયુપુરાણ' નામનું એક જ્ઞાતિપુરાણ રચાયુ છે. ૧૮ પુરાણો માં આવતા 'વાયુપુરાણ' કરતાં આ ભિન્ન છે. ચૌદ અધ્યાય (કુલ 568 જેટલા શ્લોક)ના અપૂર્ણ ગણાતા આ સ્થળ–જ્ઞાતિપુરાણમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠાના વાયડ (પાટણથી પંદરેક માઈલ દૂર) ગામના વાયડા વૈશ્યો અને બ્રાહ્મણોની ઉત્પત્તિની કથા, તેમનાં ગોત્રો, વેદશાખાઓ, આચાર–વિચારો, તે સ્થળની સંજીવની વાવ, તેમ જ તેની આસપાસના ચાર કુંડ વગેરેનાં વર્ણનો થયાં છે.

આ પુરાણમાં હાલના વાયડ ગામનાં મૂળ પ્રાચીન નામ વાયટપુર, વાયુપુર અને પવનનગર બતાવ્યાં છે. આમાંથી સ્પષ્ટ થાય છે કે વાયડાજ્ઞાતિનો સંબંધ વાયુ (પવન) દેવ સાથે છે. પુરાણના અનેક અધ્યાયોમાં વાયુદેવ અને હનુમાનજીની ઉત્પત્તિની પૌરાણિક કથાઓનું સંકલન થયું છે. પુરાણની આખ્યાયિકા પ્રમાણે વાયુદેવની માતા દિતિએ વાટિકાવનમાં તપ કર્યું હતું અને ત્યાં વાયુદેવનો જન્મ થયો હતો.

હનુમાનજી આ વાયુદેવના પુત્ર કહેવાય છે. આ વાયુદેવને આધારે ગામનું નામ વાયટપુર કે વાયડ થયું અને અહીંના મૂળ નિવાસી વાયડા કહેવાયા (વાયુપુરાણ, 3/31).

આ પુરાણમાં વાયડાજ્ઞાતિના આદિપુરુષ અત્રિ ઋષિના માનસપુત્ર વાયડાદિત્ય બતાવ્યા છે. પુરાણના પાંચમા અધ્યાયમાં વર્ણવ્યા પ્રમાણે પાંચ યોજનના વિસ્તારવાળું વાયડ (વાયટપુર) સુંદર કોટ અને દરવાજાઓથી શોભતું વિદ્યાર્થીથી સમૃદ્ધ નગર હતું. વેદજ્ઞ વાયડા બ્રાહ્મણો નિવાસ કરતા હતા.

એમાં એક મોટી વાવ હતી અને તેની ચારે દિશાઓમાં ચાર વિશાળ કુંડ શોભતા હતા. હાલ આ કુંડોનું અસ્તિત્વ નથી. પણ જેનો જીર્ણોદ્ધાર સં. 1292 માં થયેલો એવી વાવ આજે પણ છે. કેટલાંક વર્ષો પૂર્વે વાવનો પુનઃ જીર્ણોદ્ધાર કરીને વાયડાઓએ વાયડમાતા (શ્રી સમીરી કામદા દેવી)ની મૂર્તિ પ્રતિષ્ઠિત કરી છે.

પ્રાચીનકાળમાં આ નગરમાં બાર હજાર બ્રાહ્મણો અને ચોવીસ હજાર વણિકો રહેતા હતા. જોકે આજે તો આવડું વિશાળ નગર એક નાનકડા ગામમાં ફેરવાઈ ગયું છે.

એવું અનુમાન કરી શકાય છે કે બનાસ નદીના ભારે પુરથી વાયડ નગરનો નાશ થતાં આજે એક નાના ગામરૂપે અસ્તિત્વ ધરાવે છે. બીજી કેટલીક આપત્તિઓને કારણે વાયડાઓ પણ અહીંથી સ્થળાંતર કરી અન્યત્ર વસ્યા છે. દ્વારકાના ગૂંગળી બ્રાહ્મણો પૈકી કેટલાક 'વાયડા' નામે પણ ઓળખાય છે.

વાયુપુરાણ (જ્ઞાતિપુરાણ)ના અધ્યાય–૪ માં બનાસ નદી અને તેના તટ પરનાં તીર્થો–આશ્રમોનાં વર્ણનો છે. પૃથુ રાજાના બાણના પ્રહારથી બનાસ નદી ઉત્પન્ન થઈ હતી.

પુરાણના અધ્યાય–૬, શ્લોક–૬૪ માં કહ્યું છે કે ચૈત્ર સુદ છઠના દિવસે વાયુદેવનો દોલોત્સવ કરવો. આ વિધાન પ્રમાણે આજે પણ વાયડા જ્ઞાતિનો સંઘ વાયડ જાય છે. પ્રાચીન વાયડ નગરનો મુસ્લિમોના આક્રમણથી વિનાશ થયેલો અને સોળમી સદીની આસપાસ વાયડા અન્યત્ર વસેલા. વાયડા જ્ઞાતિમાં મધ્યકાળમાં જૈન ધર્મનો પ્રચાર પણ થયો હતો. વાયડ ગામ ઉપરથી વાયડ–ગચ્છ થયેલો એવું મનાય છે.

– ગીતા ઓઝા

નોંધ : આ લેખ અગ્રગણ્ય અખબારમાં પ્રકાશિત થયેલ છે. જે વાચકોની જાણ માટે અત્રે પ્રસ્તુત કરેલ છે.



# તીર્થધામ વાયડ

તીર્થધામ વાયડ ઉત્તર ગુજરાતના પાટણ શહેરથી 26 કિ.મી. દૂર ઉત્તરપશ્ચિમ (North-west - વાયવ્ય) દિશામાં આવેલું ગામ છે. વાયડની નજીક સરસ્વતી નદી છે તે કુંવારિકા નદી તરીકે ઓળખાય છે, કારણ કે દરિયાને તે મળતી નથી અને કચ્છના રણમાં ભળી જાય છે. વાયડ ગામમાં આવેલું ચાર એકરમાં પથરાયેલું સમીરી કામદાદેવીનું મંદિર વાયડા જ્ઞાતિના કુળદેવીનું મંદિર છે. મંદિર સાથે મોટી વાવ જોડાયેલી છે. આસપાસનાં અનેક ગામો માટે આજે તે જીવંત અસ્તિત્વ ધરાવે છે.

ગુજરાત રાજ્યમાં આવેલી 97 વાવો પૈકી અડાલજ પછી બીજા નંબરની મોટી વાવ વાયડની છે. સંવત 802 માં વનરાજ ચાવડાએ પાટણ શહેર વસાવ્યું તે પછી તેનું નિર્માણ થયું છે. સિદ્ધરાજ જયસિંહે સંવત 1292 (ઈ.સ. 1236) માં બંધાવી હોવાની માહિતી વાયડ સંસ્થાનના મુખ્ય કાર્યવાહક સ્વ. શ્રી કચરાલાલ જેઠાલાલ ગાંધીએ વાયડામિત્રના વીસમા વર્ષના દ્વિતીય અંકમાં ‘વાયડ સંસ્થાનો જૂનો અહેવાલ’ નામક લેખમાં પ્રસિદ્ધ કરી છે. હાલનું વાયડ સંસ્થાન સંવત 1961 (ઈ.સ. 1905)માં અસ્તિત્વ આવ્યું છે તેમ પણ તેમાં જણાવેલ છે.

125 ફૂટ લંબાઈ અને 33 ફૂટ પહોળાઈ ધરાવતી આ વાવનું સુંદર વર્ણન ‘આર્કિઓલૉજિકલ સર્વે ઑફ નોર્ધન ગુજરાત’માં ફોટાઓ સહિત જસ બર્જેસે રજૂ કર્યો છે. આ વાવને સાત માળ છે અને તેટલા જ ખંડ છે. વાવને હંમેશા કૂવો હોય છે. આ કૂવો પણ ઊંડો અને વિશાળ છે. છેક ઉપરના માળેથી કૂવામાં નજર નાખીએ તો તેની ઊંડાઈ જોઈ આશ્ચર્યચકિત થઈ જવાય. આ વાવ ભારતની પ્રાચીન ઈમારત છે. હેરિટેજની દૃષ્ટિએ પણ તેનું ઘણું મહત્ત્વ છે. હાલ આ વાવમાં પાણી નથી. આ વાવ આજુબાજુના ગામોના લોકોમાં વાયડ માતાજીના સ્થાનને લીધે ખૂબ લોકપ્રિય બનેલી છે.

મહાવાયુપુરાણમાં આ સ્થાનને ‘પવનપુર’નામ આપેલું છે. જૈનોના સંસ્કૃત ગ્રંથને આધારે ‘વાયટ’ નામ આપેલું છે. સ્કંધપુરાણમાં અહીં વાડવાદિત્ય મંદિર હોવાનું જણાવેલ છે. ચૈત્ર સુદ છઠના દિવસે અહીં દર્શન કરવાનો મહિમા જણાવ્યો

છે. 14 અધ્યાય અને 572 શ્લોક ધરાવનાર વાયુપુરાણમાં જણાવ્યા પ્રમાણે વાવની અંદર માતાજી રહેલા છે. વાયુપુરાણમાં વાવને જ ઈષ્ટદેવી તરીકે સ્વીકારી છે. વાયડાઓની કુળદેવી ‘વાયડમાતા’ તરીકે ઓળખાય છે. વાવની અંદર એક નાના ગોખલામાં એક ખંડિત મૂર્તિ હતી જેની વાયડમાતા તરીકે પૂજા થતી હતી. વાયુદેવતાનાં પત્ની અંજની (હનુમાનદાદાનાં માતા અને ગૌતમઋષિ તથા અહલ્યાનાં પુત્રી) ગણાતા હતાં. પરંતુ શાસ્ત્રોમાં અંજનીની ગણના દેવી તરીકે થતી ન હોવાથી વાયડમાતા તરીકે સ્થાપિત કરવામાં મુશ્કેલી નડતી હતી. વાયડમાતા એ વાયુદેવના બીજાં પત્ની હોય તેમ માનવામાં આવે છે. વાયડની આજુબાજુના ગામોના લોકો તેમને ‘સમોરમાતા’ કહેતા. શિલ્પગ્રામમાં પણ એક દેવીનું નામ સમીરી કામદાદેવી છે. વાયુનું એક નામ સમીર હોવાથી તેને સમીરી કામદાદેવી નામ આપવામાં આવ્યું છે. વાયડ માતાજીનું મંદિર વાયડ ગામમાં જ છે. વાયડમાતા માણસના મનની કામના પૂર્ણ કરનાર દેવી છે.

વાયુપુરાણમાં જણાવ્યા પ્રમાણે એક સમયે વાયડનગર સમૃદ્ધ હતું. નગરની ફરતે કોટ હતો. ચારે દિશામાં ચાર કુંડો હતા. આ નગર ધર્મકથાઓથી ભરપૂર હતું. એક લાખની વસ્તી ધરાવતા નગરમાં ચોવીસ હજાર વણિકો અને બાર હજાર બ્રાહ્મણો રહેતા હતા.

એકસો બોતેર વર્ષ પહેલાં વાયડા જ્ઞાતિમાં ઉપરાઉપરી અકાળ મૃત્યુ થવા માંડ્યા. તેને માતાજીનો પ્રકોપ ગણી જ્ઞાતિના ગોરે પ્રતિવર્ષ માતાજીના દર્શને આવવાની બાધા રાખી. ત્યારથી ચૈત્ર માસમાં સંઘ રૂપે વાયડમાતાના દર્શને જવાનો રિવાજ શરૂ થયો. જે પરંપરા આજે એક સો બોતેર વર્ષ પછી પણ ચાલુ જ છે.

હાલ લગભગ સાત હજારની વસ્તી ધરાવતા વાયડ ગામમાં મુખ્યત્વે ઠાકોર, કુંભાર, દરજી, રબારી અને હરિજન કોમના લોકો વસે છે. અહીંના સામાજિક રિવાજો પણ જાણવા જેવા છે. અખાત્રીજને દિવસે ખેડૂતોનું વર્ષ બદલાય છે. આ દિવસે ગામની પ્રજા સમીરી કામદાદેવીના પ્રાંગણમાં એકઠી થાય છે. સૌ સાથે ગરબા ગાય છે. વાયડના પ્રજાજનો અને વાયડા જ્ઞાતિના જ્ઞાતિજનો પણ વાયડ માતાને કારણે સમૃદ્ધ, સલામત અને સુખી છે તે નિ:શંક છે.

# વાયુદેવતા - આપણી જ્ઞાતિના કુળદેવતા

વાયુદેવ સમસ્ત વાયડા જ્ઞાતિના કુળદેવતા છે. તેઓ વાયવ્ય (Northwest) દિશાના અને દિક્પાલ છે. આઠ દિશાઓનું રક્ષણ આઠ દિક્પાલ દ્વારા થાય છે. પશ્ચિમમાંથી ઉત્તર ભણી પવનમાં મોજાં જતાં હોવાને કારણે વાયુદેવને વાયવ્ય ખૂણાના દિક્પાલ બનાવવામાં આવ્યા છે. તેઓ સમીર, પવન, વાયુ, પ્રાણ, અનિલ, મરુત વગેરે નામોથી ઓળખાય છે. તેઓ અમૂર્ત, અવ્યક્ત, અદૃશ્ય અને અજર-અમર છે. તેઓ પૃથ્વીથી સ્વર્ગ સુધીના સચરાચર એવા સપ્ત વિભાગોમાં નિત્ય ફરે છે.

વાયુદેવનું શસ્ત્ર 'ધ્વજ' છે. જેમ ઇન્દ્ર માટે વજ, વિષ્ણુ માટે ચક્ર અને શિવ માટે ત્રિશુળ છે તેમ વાયુદેવ માટે ધ્વજા છે. વાયુદેવ ચતુર્ભુજ સ્વરૂપ છે. તેમની ચાર ભુજામાં અનુક્રમે ધ્વજ, દંડ, વરદ અને કમંડળ છે. વાયુદેવનું વાહન હરણ છે કારણ કે પ્રાણીઓમાં તે અતિ ઝડપી છે અને હંમેશાં ઝડપથી દોડી જવા માટે ઉતાવળમાં હોય છે.

વાયુદેવતાની ઉત્પત્તિ વાયડમાં થઈ હતી પરંતુ હાલ અહીં વાયુદેવનું મંદિર ક્યાંય નથી. વાયુદેવતાનો જન્મ ક્યારે થયો તે માટે ચોક્કસ તિથિ-વાર પુરાણોએ આપ્યાં નથી. વાયુપુરાણના અધ્યાય પાંચમાં જણાવ્યા પ્રમાણે, દિતીમાતાએ વાયુદેવને સ્નાન કરાવી ભાદરવા સુદ છઠ્ઠને દિવસે વૈશ્યોને સેવા માટે અર્પણ કર્યા, તેથી તે તિથિ 'સંસ્નાયિની' તરીકે પ્રસિદ્ધ થઈ. ત્યાર પછી સાત માસે ચૈત્ર સુદ છઠ્ઠને દિવસે તેમને પારણામાં પધરાવવામાં આવ્યા. આ તિથિ 'વિદોલિની' તરીકે પ્રસિદ્ધ થઈ. વાયુપુરાણકારે આ બન્ને તિથિઓએ મહોત્સવ તરીકે ઉજવવાનો આદેશ આપ્યો છે. તે અનુસાર આજે પણ આ બન્ને તિથિઓએ, વાયડા જ્ઞાતિના રહીશો (વાણિયા, બ્રાહ્મણ, પંચાલ વગેરે) મહોત્સવ ઉજવે છે અને હોમ, હવન, પૂજા, અર્ચના અને વિવિધ પ્રકારનાં નૈવૈદ્ય ધરાવે છે. આ તિથિએ જે ઉત્સવ ઉજવશે તે વાયુદેવની પીડામાંથી મુક્ત થઈ બળવાન બનશે એમ એક શ્લોકમાં જણાવેલ છે. વાયુના દર્દથી પીડાતા લોકોએ ખાસ વાયુ ભગવાનનું સ્મરણ કરવું જોઈએ.

વાયુપુરાણ વાયડ ગામના મૂળ વતનીઓનું વર્ણન કરતું પુરાણ છે. વાયુદેવતાજીનું મૂળ મંદિર વાયડ ગામમાં હતું અને વાયડ ગામના મૂળ વતનીઓ પોતાના કુળદેવને પૂજતા હતા.

આ 'વાયુ' તત્ત્વને વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોવાનો પ્રયાસ અંગ્રેજ વિજ્ઞાની લ્યાલ

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

વોટ્સને કર્યો છે. તેમને પવનને 'હેવન્સ બ્રેથ' કહ્યા છે. તેમણે પુસ્તક લખ્યું છે– 'હેવન્સ બ્રેથ – અ નેચરલ હિસ્ટ્રી ઑફ વીન્ડ'. તેમણે પવનનો (વાયુનો) આખો ઇતિહાસ લખ્યો છે. વાયુ વગરના આ પૃથ્વી પર માનવ વસી શકે નહીં. પવન વગર માનવી તો ઠીક, બીજા ગ્રહો બરફવાળા બની જાય. પૃથ્વી પર વાયુ ન હોય તો આપણને ભેજ ન મળે, ચોમાસું ન થાય, પવન ન હોય તો માટી પણ ન હોય. અન્ય અર્થમાં આપણે સૌ માનવો પવનની પેદાશ છીએ.

વાયુ એક મહાન અદૃશ્ય શક્તિ છે. માનવને કુદરતે 1,60,000 વર્ષ સુધી ચાલે તેટલો પવન મનુષ્ય દીઠ ફાળવ્યો છે. તમે 'વાયુસ્નાન' શબ્દ સાંભળ્યો છે? પવન આપણા શરીર પર અજાણે મસાજ કરે છે. આપણા શરીરના એક કરોડ જેટલા જ્ઞાનતંતુઓ જે ચામડીની સપાટી નીચે છે તેને પવનનો મસાજ ઉત્તેજિત કરે છે.

દરેક માનવ એક વર્ષમાં એક કરોડ શ્વાસ લે છે અને પચાસ લાખ લિટર જેટલો પવન ફંફસામાં લઈ બહાર ફેંકે છે. લ્યાન વૉટ્સનનો અભ્યાસ કહે છે: પવનની ઝડપ વધે છે ત્યારે હૃદયરોગ સંબંધિત તકલીફો વધે છે કારણ કે પવનની ઝડપને કારણે લોહી લઈ જતી નળીઓ રુંધાય છે. પવનની ઝડપ 70 કિ.મી. પ્રતિ કલાક થાય ત્યારે બાળકોના અભ્યાસમાં થતી સ્પર્ધાનું પ્રમાણ વધી જાય છે. છે ને રસપ્રદ તારણ!

સંવતના સોળમા સૈકામાં દિલ્હીથી મોગલોએ ગુજરાત પર ચઢાઈ કરી ત્યારે આ શહેર રસ્તામાં આવતું હતું તેથી તેનો નાશ કરવામાં આવ્યો. વાયડમાં રહેનારા અનેક સ્થળોએ વિખરાઈ ગયા. આપણા વડવાઓમાંથી કેટલાક ગુજરાતના દક્ષિણ ભાગમાં ગયા, કેટલાક કચ્છ ગયા. આજે આપણી જ્ઞાતિનો મોટો ભાગ ગુજરાત, મહારાષ્ટ્ર, કચ્છમાં સ્થાયી થયો છે પણ આ બધાનું મૂળસ્થાન વાયડ હતું. વાયડમાંથી નીકળેલા વાણિયા એ 'વાયડા વણિક' કહેવાયા, પંચાલો 'વાયડા પંચાલ' તેમજ બ્રાહ્મણો 'વાયડા બ્રાહ્મણ' કહેવાયા.

આજે અમદાવાદમાં નારાયણનગર–પાલડી પાસે, વડોદરામાં બાજવાડામાં, મુંબઈમાં બોરીવલીમાં, પાટણમાં ચાંચરિયાના મોટા પાડામાં, કડીમાં પટવા પોળમાં, ભૂજ–કચ્છમાં વાયડા ડેલામાં અને ભરૂચમાં નગરશેઠની ખડકીમાં વાયુદેવતાના મંદિરો આવેલાં છે.

– **હિમાંશુ શાહ**

સ્વ. રસિકલાલ લલ્લુભાઈ શાહના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# પ્રતિબિંબ... ભાગ ૧



સામાન્ય રીતે દુનિયાનો એવો નિયમ છે કે જેનું બેટ હોય એનો પહેલો દાવ હોય અને જેનો બોલ હોય એની પહેલી બોલીંગ હોય. એટલે બીજાના ભાગમાં પહેલા ફિલ્ડીંગ જ હોય. વર્ષોથી આ ક્રમ ચાલતો આવે છે અને જેનું બેટ હોય, જેનો બોલ હોય તેનો પહેલો નંબર, એની આજુબાજુના લોકોનો તેના પછીનો ક્રમ હોય એટલે આ બેની આસપાસ જે ન હોય એને માત્ર ફિલ્ડિંગ ભરવાની...

દાવ લેવાનો આવે ત્યારે કાં તો એમના ઘેરથી કોઈ બોલાવે અથવા અંધારું થઈ ગયું હોય અથવા તો બધા થાકી ગયા હોય રમત બંધ થઈ જાય અને આ બધામાં ફિલ્ડીંગ જે ભરતા હોય એ દરરોજ માત્ર ફિલ્ડિંગ જ ભરે...

જે લોકો ફિલ્ડિંગ ભરતા હતા એ લોકોએ એક દિવસ એવું વિચાર્યું કે આપણે રમત જ બદલી નાખીએ. જેમાં રમત ઘરે જ રમી શકાય બહુ ખર્ચાળ પણ ન હોય અને છતાં આપણે આપણો દાવ લઈ શકીએ અને પછી... ચેસ રમવાનું શરૂ કર્યું જેમાં દાવ હતો, પણ ફિલ્ડિંગ ન હોતી. આનંદ પણ હતો હાર-જીત પણ હતી.

જિંદગીમાં પણ કંઈક આવું જ હોય છે, બસની ભીડ કે ટ્રેનની ભીડ નવા મુસાફરને અંદર સમાવિષ્ટ કરવામાં બહુ જ તકલીફ આપે છે.. લગભગ એક બે સ્ટેન્ડ કે સ્ટેશન આવે ત્યાં સુધી તો નવા મુસાફરને એમ થાય કે હું ઉતરી જાઉં અને મોટાભાગના સંજોગોને શરણે થઈ પણ જાય છે. કેટલાક બાખડી પણ પડે છે અને કેટલાક ધક્કો મારીને પોતાનું અધિપત્ય પણ જમાવી દે છે. એક વાર અધિપત્ય જમાવી દે પછી અંદરના બેઠેલા મુસાફરો જગ્યા કરીને એને પણ બેસાડે છે અને દુનિયાનો આ જ ક્રમ છે. "બળીયાના બે ભાગ"... Might is Right...

આ જગતની સામાન્ય માનસિકતા પણ કન્ઝર્વેટીવ છે, હોય તેને આપવાની વૃત્તિનો સદંતર અભાવ. એટલા માટે જ રણમાં વિરડી હોય તેવા કેટલાક

સ્વ. ચીનુભાઈ આર. શાહ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

ઉદાહરણ વાસ્તવિક જીવનથી થોડા અલગ દેખાય છે. પણ એવા લોકો છે, ચોક્કસપણે છે અને ઘણી બધી રીતે આગંતુકોને પણ પોતાની નજીક સ્થાન આપે છે.

સાહિત્ય અને કલાના ક્ષેત્રમાં મોટાભાગના આયોજક કે પ્રકાશક, કવિ, લેખક અથવા પરફોર્મરને એવું પ્રતિત કરાવે છે કે તેમને પૈસાની જરૂર જ નથી અને માત્ર પ્રસિદ્ધિ એમના માટે પર્યાપ્ત છે અને એટલે જ વિવિધ પ્લેટફોર્મ દ્વારા તેમનાં લેખન અને કલાનું જાહેર પ્રદર્શન કરી પોતે રળી લેતા હોય છે અને એક યા બીજી રીતે આ સમુદાયનું શોષણ (અપ્રગટ) થતું રહે છે અને મોટાભાગના આવા સમુદાયના લોકોનો આ મુખ્ય વ્યવસાય નહીં હોવાથી તે લોકો પણ પ્રસિદ્ધિથી સંતોષ પામી લેતા હોય છે... પણ જેને ખરેખર પૈસાની જરૂર છે તે આ લોકોના વ્યવહારથી વળતરથી વંચિત રહી જાય છે... તો રસ્તો શું ?

(વધુ આવતા અંકે)

**- હરીશ શાહ, વડોદરા, મો. ૯૮૭૯૫ ૦૩૩૬૨**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**

## સાથ

હે પ્રભુ,
મારે નથી જોઈતા
વાડી કે ગાડી,
મારે નથી જોઈતા
બંગલા કે મહેલો,
મારે નથી જોઈતા
ધન-વૈભવ,
મારે તો માત્ર જોઈએ છે
માત્ર
સ્વજનોનો મમતાભર્યો સાથ
છેક
પરભવની કેડી સુધી.

– **કિન્નરી કે. પરીખ**, અમદાવાદ

ચંદુલાલ મગનલાલ શાહ તથા કંચનગૌરી ચંદુલાલ મગનલાલ શાહની સ્મૃતિમાં સૌને જય શ્રી કૃષ્ણ.

# A LETTER TO UNIVERSE!



Dear Holy Year,

As 2023 sets and lets the elder sibling rise, I wanted to express my heartfelt gratitude, 'Dear 2023 - You've taught me more than you could ever imagine or would have wanted, and I've learnt way more than I thought I would!, So thank you, for all of that!', And now as 2024 dawns, a simple note to you my dear –

'Dear 2024 - Kindly be assured that your younger sibling taught me a lot! You can teach me too, but please do that tenderly, with love and care. Strict would be okay I guess, but not harsh please!

Now that I belong to the Capricorn tribe, do I get to ask a New Year wish, since it's my season already?!'

I don't want much, just the obvious (you see, I am a Capricorn, I don't want much fuss) –

'Could you make me so important that I no longer have to introduce myself?! Just the name suffices?! When would it happen, that even if somebody forgets to write down my address on the parcel, it still does reach my doorstep?!

But having said that, at the same time, I want to remain humble enough, that when I walk through the room, i can put people at ease and not intimidate them with my presence.'

As I turn a year older and wiser this Capricorn season, my dear Universe; please be easy on me, because, i am still learning - to love, and yet let go; to hold, and yet set it free. Please send tangents to my aura this year, I have enough parallel lines as it is!

Your favourite,

Foo

**- Dr Foram Amish Parikh, M. 94081 86936**

**A dermatologist; an avid reader; and passionate writer!**

અમર નૈમિષકુમાર પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

# વાયડનો સંઘ

કાળઝાળ ગરમી હોવાથી આ વખતે વાયડના સંઘમાં હાજરી ઓછી માલૂમ પડતી હતી. પરંતુ સૌએ માતાજી પ્રત્યેની અનન્ય શ્રદ્ધાથી ચાર દિવસના પ્રસંગો માણ્યા. તે માટે ઘણા જ્ઞાતિબંધુઓની ઉત્તમ સેવા કારણભૂત છે.

## પુર્વ તૈયારી

સમગ્ર વર્ષ દરમિયાન ધર્મશાળાઓનો ઉપયોગ થતો ન હોઈ તેની સાફસૂફીમાં સારી એવી મહેનત અને સમય જતા હોય છે. જ્ઞાતિનાં કેટલાક સમર્પિત કાર્યકરો અગાઉથી જ આવીને પોતપોતાની ધર્મશાળા રહેવા યોગ્ય બનાવતા હોય છે.

આમ સેવાભાવી જ્ઞાતિબંધુઓની કામગીરીના કારણે સંઘ દરમિયાન સારી વ્યવસ્થા જળવાઈ હતી. તા. 08-04-24 ના રોજ રસોડાની વ્યવસ્થા માટે ગાંધીનગરથી ભાઈ દીગીશ ભૂપેન્દ્રભાઈ પરીખ વાયડ મુકામે આવી ગયા હતા. રસોડા વિભાગને સ્વચ્છ રાખવાનું કામ તેમજ તુટી ગયેલા પતરાનું સમારકામ તથા વાસણો સાફ કરાવવાનું કામ તેઓએ શરૂ કરાવ્યું. આ વર્ષે તમામ જગ્યાએ જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો હતો. જેના કારણે માખી, મચ્છર, વંદા જેવા જંતુઓ પ્રમાણમાં નહિવત જોવા મળ્યા હતા. પોતાના વ્યવસાયને બાજુમાં મુકી 7 (સાત) દિવસ સુધી સંઘની સેવામાં એકલ હાથે મચી પડનાર દિગીશભાઈ ખરેખર સન્માન અને અભિનંદનને પાત્ર છે. તેઓએ કારીગરો પાસે પાટણની તમામ ચોકીઓમાં પંખા તથા લાઈટની વ્યવસ્થા કરી અને મંડપ બંધાવ્યા. તેઓની ટીમ દ્વારા તમામ ચોકીઓમાં જરૂરી સામાન પણ મુકવામાં આવ્યો. આ કાર્યમાં દિગંત પરીખ દ્વારા તમામ ચોકીઓમાં જરૂરી સામાન પણ મુકવામાં આવ્યો. આ કાર્યમાં દિગંત પરીખ દ્વારા તેઓને મદદ કરવામાં આવી હતી. ધર્મશાળામાં સમારકામ તથા વોટર પ્રુફીંગનું કામ તુષારભાઈ જયંતીલાલ શાહ દ્વારા કરવામાં આવ્યું.

પાટણ વિશા વાયડાની ધર્મશાળાની સાફસૂફી તથા વ્યવસ્થા માટે સંજયભાઈ ગાંધી, વિજયભાઈ ગાંથી તથા ભરતભાઈ ગાંધીએ સેવા પુરી પાડી હતી.

અમદાવાદની ધર્મશાળાની જવાબદારી વિજેશભાઈ (નાનુભાઈ)એ ઉપાડી લીધી હતી. તેઓએ અગાઉથી આવી અમદાવાદની ધર્મશાળાને સાફસૂથરી બનાવડાવી હતી.

ભૂજની ધર્મશાળાની વ્યવસ્થા, માં સમીરીકા વાયડ ટ્રસ્ટ ભૂજના જતીનભાઈ, નિલેશભાઈ તથા પ્રવિણભાઈએ સુંદર રીતે કરી હતી.

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

વડોદરાની ધર્મશાળા માટે કિરણભાઈ શાહ અને કશ્યપભાઈ શ્રોફ દ્વારા માર્ગદર્શન તથા સેવા આપવામાં આવી હતી. શ્રી અજયભાઈ પરીખ દ્વારા વાયડ સંસ્થાનના સેક્રેટરી તરીકે સમગ્ર સંકુલની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## ભોજન વ્યવસ્થા

વાયડના રસોડાની વ્યવસ્થા માટે પાટણના ચૈતન્યભાઈ રસીકલાલ પરીખ સને 1980 થી સેવા આપી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી ચૈતન્યભાઈ, દિગીશભાઈ ભુપેન્દ્રભાઈ પરીખ અને ધિરેનભાઈ ભુપેન્દ્રભાઈ પરીખ દ્વારા રસોડાની વ્યવસ્થા અને રસોઈની દેખરેખ કરવામાં આવે છે. એમની સાથે કલોલના અમરીશભાઈ પરીખ પણ મદદમાં રહેતા હોય છે. રસોડાના ટોકનની વ્યવસ્થામાં રાજુભાઈ તથા તેમના પત્નીએ સેવા આપી હતી. જ્ઞાતિજનોને ભોજન પીરસવામાં પાટણ દશાવાયડાની ટીમ, ભૂજના જ્ઞાતિજનો તથા વડોદરાના જ્ઞાતિજનોની ટીમ દ્વારા સેવા આપવામાં આવી હતી.

## વાયડમાં રમતગમત

સંઘમાં આવતા જ્ઞાતિજનો આનંદદાયક પ્રવૃત્તિમાં પોતાનો સમય વ્યતીત કરી શકે તે માટે વિવિધ પ્રકારની રમતોનું આયોજન પોતપોતાની ચોકીઓમાં કરવામાં આવે છે. તે દ્વારા ભાતૃભાવના અને ખેલદિલીનો વિકાસ થાય છે. નાના મોટા સૌ વિવિધ રમતોનો આનંદ માણે છે. વળી વડોદરાના જ્ઞાતિજનો દ્વારા વાયડ ગામના નગરજનો માટે પણ રમતો રમાડવામાં આવે છે જેમાં સેવાભાવનાના દર્શન થાય છે.

વાયડ ગામના ગ્રામજનો માટે વડોદરાના શ્રી અશોકભાઈ શાહ તથા ધ્રુવભાઈ હાટડીયાએ જુદી જુદી રમતોનું આયોજન કર્યું હતું.

## પાટણની ધર્મશાળામાં રમતગમત

દર વર્ષની જેમ પાટણની ધર્મશાળામાં પણ રમતગમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

દર વર્ષની જેમ પાટણની ધર્મશાળામાં વિવિધ રમતો રમાડવામાં આવી હતી. આ રમતોમાં પાટણ દશા વાયડા યુવક મંડળ તરફથી ઈનામો આપવામાં આવ્યા હતાં. આ ઉપરાંત આશાબેન ધિરેનભાઈ પારેખ તથા અલકાબેન વિનયભાઈ પરીખ તરફથી પણ ઈનામો આપવામાં આવ્યા હતા.

પાટણની જ્ઞાતિમાં રમતગમતોનું સંચાલન દિનેશભાઈ ચંદ્રકાંતભાઈ પરીખ તથા પરાગ સુભાષભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

## સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.

વિવિધ રમતોમાં નીચે મુજબના જ્ઞાતિજનો વિજેતા બન્યા હતા.

| | | |
|---|---|---|
| લોટા તાક | ભાઈઓ | બહેન |
| | 1) અક્ષયભાઈ પરીખ | 1) નિતાબેન પરીખ |
| | 2) મહેશભાઈ પરીખ | 2) ભારતીબેન પરીખ |

પાસીંગ ધ બોલ : 1) તોરલબેન ચેતનભાઈ પરીખ
2) અવની નિમિશભાઈ
3) તીરથ પરાગભાઈ શાહ

રીંગમાંથી પસાર : 1) કિંજલ કુણાલભાઈ પરીખ
2) રૂદ્ર પરાગભાઈ શાહ
3) કૃપાલી પરાગભાઈ શાહ

કપલ હેટ : 1) પિંકલ નૈલેશભાઈ તથા ક્રિષ્ણા નૈલેશભાઈ
2) અક્ષયભાઈ પરીખ તથા નીતાબેન પરીખ
3) નિલય તથા રૂદ્ર

કપલ બોલ રેસ : 1) રૂદ્ર શાહ તથા મિત્વા પરીખ
2) મનીષાબેન પરીખ તથા ફાલ્ગુનીબેન પરીખ
3) પરાગભાઈ શાહ તથા કૃપાલીબેન શાહ

મ્યુઝીકલ ચેર : 1) અવની નિમિશભાઈ
2) વિધિ આશીષભાઈ
3) તીર્થ પરાગભાઈ

આ ઉપરાંત સુમિત્રાબેન પુરુષોત્તમદાસ શાહ ઠાંસ ટુર્નામેન્ટ રમાડવામાં આવી હતી. જેમાં રૂ. 2,000/- ના ઈનામો લજ્જાબેન શૈલેષભાઈ શાહ તરફથી આપવામાં આવ્યા હતા.

પ્રથમ નંબર : આશાબેન ધિરેનભાઈ પારેખ રૂ. 750/-
ધ્વીતીય નંબર : સોનલબેન આશીષભાઈ પારેખ રૂ. 500/-
તૃતીય નંબર અનીતાબેન હિરેનભાઈ શાહ રૂ. 250/-

આશ્વાસન ઈનામ

1) મિત્વા તૃષારભાઈ પરીખ 2) કૃપાલીબેન પરાગભાઈ શાહ
3) અલકાબેન અરૂણભાઈ શાહ 4) અંજુબેન દિપકભાઈ પરીખ
5) બીનાબેન તુષારભાઈ પરીખ

**– સુનિલભાઈ પી. શાહ, મહેસાણા**

## તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

